GJRJ050019742018

**//આંક–૦૧ લગત હુકમ//**

સદરહુ કામે કેસનું રેકર્ડ વંચાણે લેતા, સબબ કેસની કાર્યવાહી આ કામના ફરિયાદીને હાજર થવા તેમજ આરોપી ના સરનામે પ્રોસેસ બજવા અંગેનો સ્ટેટસ રીપોર્ટ રજુ થવા પર ચાલે છે. હાલની ફરિયાદ તા.૦૮/૦૮/૨૦૧૮ ના રોજ દાખલ કરવામાં આવેલ છે. આરોપીને પ્રોસેસ બજી ગયા બાદ નામ.કોર્ટમાં હાજર ન રહેતા તેમની સામે ફરીયાદમાં જણાવેલ સરનામે નોનબેલેબલ વોરંટ ઈસ્યુ કરતાં બજે વગરે બજે પરત થયેલ નથી. ત્યારબાદ સદર કામે પ્રોસેડિંગ્સ વંચાણે લેતાં, ફરીયાદીને હાજર રહેવા અંગે નોટીસ કરવામાં આવેલ જે ફરીયાદીને બજી ગયેલ હોવા છતાં ફરીયાદી હાજર રહેલ નથી કે ફરીયાદી તર્ફે આગળની કાર્યવાહી કરેલ નથી. આમ, સદર કામે ફરીયાદી તર્ફે સદર કેસની કાર્યવાહી આગળ ચલાવવાં માટે યોગ્ય પ્રયત્ન કરેલ નથી. વધુમાં આજરોજ પણ આ કામના ફરિયાદી સદર કેસમાં હાજર રહેલ ન હોય કે કોઈ અરજી કે રજૂઆત ન હોય તે સંજોગોમાં ક્રિમિનલ પ્રોસિજર કોડની કલમ–૨૫૬ મુજબ કાર્યવાહી કરવી પડે જે નીચે મુજબ છે.

**કલમ–૨૫૬.**

256. **Non-appearance or death of complainant.—**

(1) If the summons has been issued on complaint, and on the day appointed for the appearance of the accused, or any day subsequent thereto to which the hearing may be adjourned, the

complainant does not appear, the Magistrate shall, notwithstanding anything hereinbefore contained, acquit the accused, unless for some reason he thinks it proper to adjourn the hearing of the case to some other day:

Provided that where the complainant is represented by a pleader or by the officer conducting the prosecution or where the Magistrate is of opinion that the personal attendance of the complainant is not necessary, the Magistrate may, dispense with his attendance and proceed with the case.

(2) The provisions of sub-section (1) shall, so far as may be, apply also to cases where the non-appearance of the complainant is due to his death.

આમ, ઉપરોક્ત જોગવાઈ મુજબ આ કામનાં ફરિયાદીને અત્રેની કોર્ટ સમક્ષ રૂબરૂ હાજર રહી આગળની કાર્યવાહી કરેલ ન હોય અને સદર ફરીયાદ ૭ વર્ષ કરતાં જુની હોય અને ફરીયાદીને પોતાની ફરીયાદ આગળ ચલાવવામાં બીલકુલ રસ જણાઈ આવતો ન હોય તે સંજોગોમાં ફરિયાદીની ફરિયાદ આખરે રદ્દ કરવાનો હુકમ કરવામાં આવે છે.

સદરહુ હુકમ આજરોજ તારીખઃ૦૮, માહેઃઓગષ્ટ, સનેઃ૨૦૨૬ના રોજમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

**તારીખઃ- ૦૮/૦૮/૨૦૨૬.**

**સ્થળઃ- જેતપુર.**

**(ડી.એમ.પરમાર)**
**જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,**
**જેતપુર**
**કોડ નં.જી.જે.૦૧૫૬૩**